**ડીંડોલી પો.સ્ટે. હદમાં થયેલ ઘરફોડ ચોરી તથા પાંડેસરા પો.સ્ટે.ના ચકચારી બાળકીના અપહરણના તેમજ મારામારીના ગુન્હામાં સંડોવાયેલ ચાર રીઢા ગુન્હેગારોને ઝડપી પાડી સોના-ચાંદીના દાગીના તેમજ ૧૩ જેટલા મોબાઈલ ફોન સહિત કુલ કિં.રૂ.૧૧,૪૫,૬૭૦/- ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ ગુન્હાનો ભેદ ઉકેલતી સુરત શહેર એસ.ઓ.જી.**

સુરત શહેર વિસ્તારમાં થયેલ ઘરફોડ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી ચોર-મુદ્દામાલ શોધી કાઢવા એસ.ઓ.જી. ના PI આર.એસ.સુવેરા તથા PSI વી.સી.જાડેજા નાઓએ સુરત શહેરના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલ ઘરફોડ ચોરીના ગુન્હાઓ બાબતેની માહીતી મેળવવામાં આવેલ હતી. જેમા ડીંડોલી પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૧૧૨૧૦૦૫૬૨૧૩૦૦૧/૨૦૨૧ ઈ.પી.કો.કલમ ૩૮૦,૪૫૪,૪૫૭ મુજબના ગુન્હાના કામે સંડોવાયેલ આરોપીઓ તથા તે ચોરીમાં ગયેલ તમામ મુદ્દામાલ શોધી કાઢવા એસ.ઓ.જી.ના માણસોની અલગ-અલગ ટીમો બનાવી પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એસ.ઓ.જી.,ના ASI બાબુભાઈ સુરજીભાઈ તથા HC બુધાભાઈ ડાહ્યભાઈનાઓને આ ચોરીમાં ચાર ઈસમોની સંડોવણી હોવાની હકીકત આધારે ડીંડોલી નંદવન ટાઉનશીપ પાસે વોચ ગોઠવી આરોપીઓ (૧) સુરજ ઉર્ફે સુરજ કાલીયા S/O દયાશંકર સરોજ ધંધો બેકાર ઉ.વ.૨૬ રહે.રૂમ નં.૦૨, અંકુર એપાર્ટમેન્ટ ગ્રાઉન્ડ ફ્લોર પરવટ ગામ ખાડી પુલની પાસની બાજુમાં ગોડાદરા સુરત તથા બિલ્ડીંગ નં.૨૫ રૂમ નં.૧૭ SMC આવાસ વડોદ ગામ પાંડેસરા સુરત મુળગામ ગામ જગદીશપુર થાના મીરગંજ જીલ્લો જોનપુર (ઉત્તરપ્રદેશ) (૨) સતવંત સિંહ ઉર્ફે આદિત્ય S/O કૃષ્ણકુમાર યાદવ ઉ.વ.૩૦ ધંધો બેકાર રહે. રૂમ નં.૦૨, અંકુર એપાર્ટમેન્ટ ગ્રાઉન્ડ ફ્લોર પરવટ ગામ ખાડી પુલની પાસની બાજુમાં ગોડાદરા સુરત મુળ રહે.ફરઇકા પુર્વા ગામ થાના કુન્ડા જી.પ્રતાપગઢ (યુ.પી.) (૩) કુલદીપ ઉર્ફે કલ્લુ S/O ગુલાબસીંગ ઠાકુર ઉ.વ.૨૨ ધંધો કલરકામ રહે.પહેલો માળ ફારૂકી મંજીલની બાજુમાં ઘર નં.૨/૩૯૮૮ ની સામે ચોગાન શેરી જુની મહાવીર હોસ્પીટલ પાસે સગરામપુરા સુરત મુળ રહે.પીપરગાવા થાના પીંડવાળી જી.બાંદા (યુ.પી) તથા (૪) મો.ઝીયાઉલહુસેન ઉર્ફે ગોલ્ડન S/O મો. મુઝફ્ફરહુસેન અંસારી ઉ.વ.૨૦ ધંધો પાનનો ગલ્લો રહે.પ્લોટ નં.૫૯ બીજા માળે રણછોડનગર સોસા. ગોડાદરા ફાટક પાસે લીમ્બાયત, સુરત મુળ રહે.કારા ગામ થાના ઓબરા જી.ઔરંગાબાદ (બિહાર) વાળાઓને ઝડપી પાડી તેમની પાસેથી સોના- ચાંદીના દાગીના કુલ વજન ૨૦૦.૧૦૦ ગ્રામ કિ.રૂ., ૮,૬૯,૧૭૦/- તથા મોબાઈલ ફોન નંગ-૧૩ કિ.રૂ., ૮૬,૫૦૦/- તથા ટુ.વ્હિલર મોટરસાયકલ નંગ-૨ કુલ કિ.રૂ., ૧,૯૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ., ૧૧,૪૫,૬૭૦/-નો મુદ્દામાલ કબ્જે કરેલ છે.

મજકુર આરોપીઓની પુછપરછ કરતા હકીકત જાણવા મળેલ કે, તેમની ટોળકીનો મુખ્ય સુત્રધાર આરોપી સુરજ ઉર્ફે સુરજ કાલીયા S/O દયાશંકર સરોજનાનો હોય અને તેની ઉપર ચોરી,મારામારી વિગેરે પ્રકારના અસંખ્ય ગુન્હાઓ દાખલ થયેલ હોય અને તેમની ટોળકીના સભ્યો મળી મોટર સાયકલ ઉપર રાત્રીના સમયે સોસાયટીમાં ફરી રેકી કરતા હતા અને જે લોકો પોતાના ઘરના દરવાજા ગરમીના કારણે ખુલ્લા રાખી અથવા ફક્ત જાળી લગાવી સુતા હોય તેઓના ઘરમાં પ્રવેશી ચોરીઓ કરતા હોવાની હકીકત જાણવા મળેલ હતી આરોપીઓની પુછપરછમાં નીચે મુજબના ગુન્હાઓની કબુલાત કરેલ છે. (૧) આજથી થોડા દિવસ પહેલા નવાગામ- ડીંડોલીમાં આવેલ શીરડીધામ સોસાયટીના એક મકાનમાંથી સોના-ચાંદીના દાગીનાની ચોરી કરેલ હોવાની હકીકત કબુલાત કરેલ હતી. (૨) તેમજ તેમની પાસેથી મળી આવેલ મોબાઈલ ફોન નંગ-૧૩ બાબતે પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે, આ મોબાઈલ ફોન સુરત શહેરના અલગ-અલગ વિસ્તારોમાં આવેલ ઘરોમાંથી ચોરી કરેલ હોવાની હકીકત જણાવેલ છે. (૩) આ સિવાય આરોપી સુરજ ઉર્ફે સુરજ કાલીયા S/O દયાશંકર સરોજનાએ પાંડેસરા વડોદ ગામ આવાસમાં રહેતી એક સ્ત્રી પાસેથી રૂ. ૨,૦૦,૦૦૦/- ઉછીના લીધેલ હતા અને તે સ્ત્રી પૈસાની ઉઘરાણી કરતી હોય જેથી તેણે તે સ્ત્રીના ઘરે જઈ તેની સાથે ગાળાગાળી કરી તે સ્ત્રીની નાની બાળકી ઉ.વ.૦૬ વાળીનુ અપહરણ કરી લઈ ગયેલ હતો અને તે સ્ત્રીએ તેના વિરૂધ્ધમાં પાંડેસરા પોલીસ સ્ટેશનમાં અપહરણનો ગુન્હો દાખલ કરાવેલ હોવાની કબુલાત કરેલ છે. (૪) આરોપી કુલદીપ ઉર્ફે કલ્લુ S/O ગુલાબસીંગ ઠાકુરનાને પાંડેસરા ભેસ્તાનમાં રહેતા મોહીત પટેલ નામના ઈસમ સાથે ઝઘડો ચાલતો હતો જેથી તેના મિત્ર મનીષ ગુર્જર રહે. ભેસ્તાન આવાસ પાંડેસરા વાળાને ઉપરોક્ત ચારેય આરોપીઓએ ભેગા મળી મારમારેલ હતો અને તે બાબતેનો ગુન્હો પાંડેસરા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ અને તે ગુન્હામાં તેઓ નાસતા ફરતા હોવાની કબુલાત કરેલ છે. (૫) આ ઉપરાંત પાંડેસરા કર્મયોગી સોસાયટી વિભાગ-૨ માં મકાન નં.૪૨૦ માંથી રોકડા રૂપીયા ૬,૦૦,૦૦૦/-, મોબાઈલ ફોન તથા સોનાના દાગીનાની ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

નીચે મુજબના ગુન્હાઓ શોધાયેલ છે.

(૧) ડીંડોલી પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૧૧૨૧૦૦૫૬૨૧૩૦૦૧/૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૮૦,૪૫૪,૪૫૭ મુજબ (૨) પાંડેસરા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૧૧૨૧૦૦૪૫૨૧૪૭૪૮/૨૦૨૧ ઈ.પી.કો.કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ.(૩)પાંડેસરા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૧૧૨૧૦૦૪૫૨૧૪૩૦૬/૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૬૩,૩૬૫,૩૨૩ મુજબ આરોપી સુરજ ઉર્ફે સુરજ કાલીયા S/O દયાશંકર સરોજનો ગુનાહીત ઇતીહાસ:-(૧) પાંડેસરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૨૧૩/૨૦૧૪ ઇ.પી.કો. કલમ ૩૨૪,૫૦૪,૧૧૪, જી.પી.એક્ટ ૧૩૫, મુજબ (૨) પાંડેસરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૯/૨૦૧૫ ઇ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબ. (૩) પલસાણા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૧૨/૨૦૧૫ ઇ.પી.કો.કલમ ૩૭૯, મુજબ. (૪)પાંડેસરા પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં.૧૦/૨૦૧૫ ઇ.પી.કો.કલમ ૩૨૩,૫૦૪,, જી.પી.એક્ટ ૧૩૫ (૫) પાંડેસરા પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૧૨/૨૦૧૫ ઇ.પી.કો.કલમ ૩૭૯,૧૧૪ મુજબ.(૬)પાંડેસરા પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં.૫૬/૨૦૧૫ ઇ.પી.કો. કલમ ૩૨૩,૫૦૪,, જી.પી.એક્ટ ૧૩૫ (૭) પાંડેસરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૨૪૨/૨૦૧૫ ઇ.પી.કો. કલમ ૩૨૪, ૫૦૪, ૧૧૪, જી.પી.એક્ટ ૧૩૫, મુજબ. (૮) પાંડેસરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૧૯/૨૦૧૬ ઇ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ જી.પી.એક્ટ ૧૩૫ મુજબ.(૯)પાંડેસરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૧૬૦/૨૦૧૬ ઇ.પી.કો.કલમ ૩૨૬,૫૦૪,૧૧૪, જી.પી.એક્ટ ૧૩૫, મુજબ. (૧૦) પાંડેસરા પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં. ૯૫૭/૨૦૧૬ જી.પી.એક્ટ ૧૨૨(સી), મુજબ. (૧૧) સચીન જી.આઇ.ડી.સી. પો.સ્ટે ગુ.ર.નં.૫૪/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૭૯, મુજબ. (૧૨) સચીન જી.આઇ.ડી.સી. પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૮૭/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૨૬, ૩૨૪, ૫૦૪, ૧૪૭,૧૪૮, વિગેરે.(૧૩) પાંડેસરા પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં. ૧૧૮/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૯૪,૩૯૭, ૫૦૪,૧૧૪ જી.પી. એક્ટ ૧૩૫, મુજબ. (૧૪) પાંડેસરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૪૮/૨૦૧૮ ઇ.પી.કો.કલમ ૩૯૭,૩૯૪, ૩૯૨, જી.પી.એક્ટ ૧૩૫, મુજબ.(૧૫)પાંડેસરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૦૬/૨૦૧૮ ઇ.પી.કો.કલમ ૩૨૪,૫૦૪,૧૧૪, જી.પી.એક્ટ ૧૩૫, મુજબ.(૧૬)પાંડેસરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૧૧૨૧૦૦૪૫૨૧૪૩૦૬/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૩૨૩, ૩૬૩,૩૬૫,૫૦૪ મુજબ. આરોપી કુલદીપ ઉર્ફે કલ્લુ S/O ગુલાબસીંગ ઠાકુરનો ગુનાહીત ઇતીહાસ:-(૧) પાંડેસરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૧૧૨૧૦૦૪૫૨૦૧૭૩૬/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬, ૧૧૪ જી.પી.એક્ટ ૧૩૫, મુજબ. (૨) પાંડેસરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૧૧૨૧૦૦૪૫૨૧૧૩૯૨/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ. (૩) પાંડેસરા પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં.૧૧૨૧૦૦૪૫૨૧૧૩૮૮/૨૦૨૧ આર્મ્સ એક્ટ ૨૫(૧)એ, ૨૯ જી.પી.એક્ટ ૧૩૫ મુજબ.